ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૪.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૬ ડીગ્રી
ભેજ
સવારે ૮૮ ટકા ● સાંજે ૯૨ ટકા

# શહેરમાં ગણેશ વિસર્જન માટે સંત સરોવર ખાતે ખાસ કુંડ

## ગણેશ વિસર્જન સમયે ડુબવાથી થતાં અકસ્માત નિવારવા બાબતે નિવાસી અધિક કલેકટરશ્રીની અધ્યક્ષ સ્થાને જિલ્લાના અધિકારીઓની બેઠક યોજાઈ

ગાંધીનગર, તા.૨૨

ગણેશ વિસર્જન નિમિત્તે નદી/કેનાલમાં ગણેશ વિસર્જન સમયે ડુબવાથી થતાં અકસ્માત નિવારવા બાબતે આજરોજ ગાંધીનગર જિલ્લા નિવાસી અધિક કલેકટરશ્રીના અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ભાટ અને કરાઈ ખાતે ગણેશ વિસર્જન કરતાં ડુબી જવાના બનાવ બન્યા છે, ત્યાં ગણેશ વિસર્જન ન થાય તે અંગેની ખાસ તકેદારી રાખવાની સૂચના નિવાસી અધિક કલેકટરશ્રીએ આપી છે. ગાંધીનગર શહેર માટે ગણપતિ વિસર્જન કરવા માટે સંત સરોવર ખાતે કંડુ બનાવવામાં આવ્યું હોવાનું પણ જણાવ્યું છે.

આ બેઠકમાં નિવાસી અધિક કલેકટરશ્રીએ ગાંધીનગર જિલ્લામાં છેલ્લા બે દિવસમાં ભાટ અને કરાઈ ખાતે સાબરમતી નદીમાં ગણપતિ વિસર્જન દરમ્યાન ડુબી જવાના બનાવ પર દુઃખ વ્યકત કર્યુ હતું. તા. ૨૩મી સપ્ટેમ્બર, ૨૦૧૮ ગણેશ વિસર્જનનો અંતિમ દિવસ હોવાથી મોટી સંખ્યામાં લોકો ગણેશની મૂર્તિઓ વિસર્જન કરવા આવશે. આ સમયે ડુબી જવાની કે અન્ય ઘટના ન બને તેની ખાસ તકેદારી રાખવા સંબંધિત અધિકારીઓને



ભારપૂર્વક જણાવ્યું હતું. તેમજ ભાટ અને કરાઈ ખાતે જયાં ડુબી જવાની ઘટના બની છે. ત્યાં ગણેશ વિસર્જન કરવાની કોઈને પણ છુટ ન આપવા અને ખાસ પોલીસ બંદોબસ્ત ગોઠવવા માટે પણ સુચના આપી હતી. તેમજ મોટી સંખ્યામાં આવતા લોકોને એક સાથે ટોળામાં ન જવા દેવા અને વારાફરથી વિસર્જન પ્રક્રિયા કરવા તથા ટ્રાફિકનું સંચાલન કરવાનું પણ જણાવ્યું હતું. તે ઉપરાંત તે સિવાયના વિવિધ સ્થળોની મુલાકાત લઈ ઉંડુ પાણી ન હોય તેવા સ્થળોએ ગણેશ વિસર્જન થાય તેવી સુચારું વ્યવસ્થા કરવા પણ જણાવ્યું હતું. તે ઉપરાંત જે જગ્યાએ પાણીના તળ ઉંડા છે, ત્યાં ચેતવણી બોર્ડ મુકવા તથા વાંસ અને લોંખડના થાંભલાથી લાલ પટ્ટી વડે કોર્ડન કરવા પણ ખાસ સૂચના આપી હતી.

નિવાસી અધિક કલેકટરશ્રીએ વધુમાં જણાવ્યું હતુ કે, સંવેદનશીલ ગામોમાં તરવૈયાઓ તથા આપદા મિત્રોની ટીમો તમામ સાધન-સામગ્રી સાથે સ્થળોએ હાજર રાખવા તેમજ એન.ડી.આર.એફની ટીમો સાથે એસ.ડી.આર.એફની ટીમો પણ કામગીરીમાં આવે તેવી પણ સૂચના આપી હતી. આ ટીમો તા. ૨૩મી સપ્ટેમ્બરના રોજ સવારના ૮.૦૦ કલાક થી ગણેશ વિસર્જનની કામગીરી પૂર્ણ થાય ત્યાં સુધી સ્થળ ઉપર જ હાજર રહે તેવી વ્યવસ્થા કરવા પણ સંબંધિત અધિકારીને ભારપૂર્વક જણાવ્યું હતું.

આ બેઠકમાં એન.ડી.આર.એફના ડી.સી શ્રી રણવિજયસિંઘ, ગાંધીનગર મામલતદાર શ્રી કે.એ. પટેલ, ગાંધીનગર ફાયર ઓફિસર શ્રી મહેશ મોઢ, માર્ગ અને મકાન વિભાગના ના.કા.ઈ શ્રી એમ.પી.પટેલ, પી.એસ.આઈ શ્રી આર.કે.ચૌહાણ સહિત સંબંધિત કચેરીઓના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# @ગાંધીનગર

● ત્રિદલ સંસ્થાની માસિક બેઠક સાંજે ૫.૩૦ કલાકે નમન એપાર્ટમેન્ટ મહારાષ્ટ્ર ભવન સામે સે-૨૧ ખાતે મળશે.

● સે-૧૨ આંબેડકર હોલ ખાતે પૂર્વ સંસદ સભ્ય જયંતિલાલ બારોટની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે રાત્રે ૮.૩૦ થી ૧૧.૩૦ કલાક દરમિયાન ભજન સંધ્યા અને શ્રધ્ધાંજલિ કાર્યક્રમ યોજાશે.

● સામાજીક એકતા અને જાગૃતિ મિશન દ્વારા પુના કરાર ધિક્કાર સભા બપોરે ૩થી સાંજે ૬ કલાક સુધી ડૉ. આંબેડકર ભવન સે-૧૨ ખાતે યોજાશે.

● સંસ્કાર ગ્રુપ દ્વારા વિવિધ રમતો અને સર્વ પિતૃઓને પ્રાર્થના કરવાનો કાર્યક્રમ સવારે ૯ થી ૧૧ બાલનગરી મેદાન સે-૬ ખાતે યોજાશે.

● જીવ કલ્યાણ સંસ્થાની માસિક મિટિંગ સાંજે ૫ કલાકે ગાયત્રી શકિતપીઠ સે-૧ ખાતે મળશે.

# આજે રાત્રે સે-૨૯માં મદિના મસ્જિદ ખાતે તાજિયા વાએજ ઉત્સવ

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગરના સેકટર-૨૯ ખાતે આવતી કાલે તા. ૨૩મી સપ્ટેમ્બર રવિવારના રોજ રાત્રે ૯ કલાક ઈશાની નમાઝ પછી મદિના-મસ્જિદના મેદાનમાં તાજિયા વાએજ ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉત્સવમાં મુફતી એ ગુજરાત તરીકે જાણીતા મુફત મોઈનુદ્દીન રઝવી તકરીર (કથા) ફરમાવશે.

ગાંધીનગરની સ્થાપના સમયથી જ અલ મદની એજયુકેશનલ એન્ડ વેલ્ફેર ટ્રસ્ટ સંચાલિત મોહર્રમ કમિટી દ્વારા તાજિયા વાએજ ઉત્સવ ઉજવવામાં આવે છે. આ વર્ષે પણ રવિવારે રાત્રે વાએજ ઉત્સવનું આયોજન કરાયું છે. જેમાં મુફતી મોઈનુદ્દીન રઝવી તકરીર ફરમાવશે. આ પ્રસંગે ગાંધીનગર જુમ્મા મસ્જિદ, મદિના મસ્જિદ તથા પેથાપુરની સકીના મસ્જિદના ઈમામ સાહેબ પણ ઉપસ્થિત રહેશે. વાએજ બાદ નિયાઝ ખવડાવવાનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમનો મોહર્રમ કમિટીના ચેરમેન પ્રમુખ તથા અન્ય સભ્યો ઉપસ્થિત રહી પ્રારંભ કરાવશે તેવું કમિટીના પ્રમુખ હનીફભાઈ શેખે જણાવ્યું છે.




ગાંધીનગરની ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી ખાતે અખિલ ભારતીય અધિવકતા પરિષદ દ્વારા 'સાયબર લૉ અને ઈલેક્ટ્રોનિક એવિડન્સ' વિષયે રાષ્ટ્રીય કક્ષાના વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું.

# ઝઘડાની અદાવત રાખી યુવાને ફોટોગ્રાફી સ્ટુડીયોમાં તોડફોડ કરી

ગાંધીનગર, તા.૨૨

ન્યુ ગાંધીનગરના કુડાસણ વિસ્તારમાં આવેલા સ્વાગત રેઈન ફોરેસ્ટ-૧ શોપીંગ કોમ્પલેક્ષમાં આવેલી ફોટોગ્રાફી સ્ટુડીયોની દુકાનમાં એક યુવાને તોડફોડ કરીને સ્ટુડીયોમાં કામ કરતા કર્મચારીને માર માર્યો હતો. હુમલાખોર યુવાને અગાઉ થયેલા ઝઘડાની અદાવત રાખીને હુમલો કર્યો હતો. અચાનક તોડફોડને પગલે આસપાસના વેપારીઓ પણ ડરી ગયા હતા. જયારે કાચની તોડફોડ કરતા હુમલાખોર યુવાનને પણ હાથના ભાગે કાચ વાગતા ઈજા પહોંચી હતી. આ બનાવ અંગે પોલીસે હુમલાનો ભોગ બનનાર યુવાને ઈન્ફોસીટી પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અમદાવાદના ઓગણજ ખાતે રહેતા યુવાન રાહુલ વ્યાસની ફરિયાદ અનુસાર કુડાસણ સ્વાગત રેઈન ફોરેસ્ટમાં તેમના મામા ગુણવંતભાઈ વ્યાસના પુત્ર દિપકભાઈની ખુશી ફેશન ફોટોગ્રાફી સ્ટુડીયોમાં રાહુલ ફરજ બજાવે છે. ત્યારે શુક્રવારના રોજ બપોરના સમયે રાહુલ સ્ટુડીયોમાં જમી રહ્યો હતો અને દિપકભાઈ વ્યાસ હાજર ન હોતા તે સમયે પ્રતિપાલસિંહ રાયજાદા (રહે. સ્વાગત રેઈન ફોરેસ્ટ-૧ કુડાસણ) એ સ્ટુડીયોમાં અંદર ઘુસીને અપશબ્દો બોલવાનું શરુ કર્યુ હતું અને દિપક કયાં છે તેમ પુછ્યું હતું. દિપકભાઈ જમવા ગયા હોવાનું રાહુલે જણાવતા પ્રતિપાલસિંહ ઉશ્કેરાઈ જઈને જણાવ્યું હતું કે તેમણે મારી પત્નિ તથા મારી સાથે અગાઉ ઘ-૫ સર્કલે ઝઘડો કર્યો હતો. આજે તેને મારવો છે, કહીને રાહુલને ગડદાપાટુનો માર માર્યો હતો. રાહુલને મારવા સાથે દુકાનના પાર્ટીશનનો કાચ, કેમેરા સહિતને તોડી નાંખ્યા હતા અને દિપકને કહી દે જે કે આજે મારવાનો હતો પણ બીજીવાર છોડવાનો નથી તેમ કહીને નીકળી ગયો હતો. આ તોડફોડમાં પ્રતિપાલસિંહને પણ હાથમાં કાચ વાગ્યા હોવાથી લોહી નીકળતુ હોવાનું જાણવા મળ્યું છે. તેમજ મળતી વિગત મુજબ પ્રતિપાલસિંહ લોખંડનો જેક લઈને આવ્યા હતા અને કેમરો, કાચ, બે એલઈડી, પ્રિન્ટર, સહિતને નુકશાન કર્યું હતું. આ બનાવ અંગે ઈન્ફોસીટી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# આજે ટાઉનહોલ ખાતે આહિર યુવા ફોરમનો વિદ્યાર્થી સન્માન કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૨૨

આહિર યુવા ફોરમ - ગાંધીનગર દ્વારા ગાંધીનગર આહીર સમાજનો ૨૦ મો વિદ્યાર્થી સન્માન સમારંભ આજે તા.૨૩/૯/૨૦૧૮ રવિવારના રોજ બપોરે ૨:૦૦ વાગે ટાઉનહોલ ખાતે યોજાશે. આ સમારોહમાં ગાંધીનગરમાં વસવાટ અભ્યાસ કરતા આહીર સમાજના વિદ્યાર્થીઓને શિલ્ડ પારિતોષિક આપી સન્માનવામાં આવશે તેમજ ગાંધીનગર આહીર સમાજના કોઈ પણ સભ્યને નવી નિમણુંક પસંદગી પ્રમોશન કે નિવૃતિ મળેલ હોય તેવા કર્મચારીઓનુ પણ શુભેચ્છા સન્માન કરવામાં આવશે. તેમજ સમાજના બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવશે. ત્યારબાદ રાત્રે સૌ સાથે મળી ભોજન લેશે. આ પ્રસંગે આહિર યુવા ફોરમ દ્વારા ગાંધીનગરમાં વસવાટ કરતા તમામ આહીર સમાજના જ્ઞાતિબંધુઓને ખાસ હાજર રહેવા અનુરોધ કરેલ છે.




ગાંધીનગરના જીવનસુધા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા અંબાજીના પદયાત્રીઓ માટે મેડિકલ સેવા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

# લેઉઆ પટેલ વાડી ખાતે શોપીંગ ફેસ્ટિવલમાં હેપ્પીનેસ કોર્નરે આકર્ષણ જમાવ્યું

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગરના સેકટર-૭ ખાતે સૌરાષ્ટ્ર લેઉઆ પટેલ સાહેલી ગ્રુપ દ્વારા ત્રિ દિવસીય ફેમિલી શોપીંગ ફેસ્ટિવલ આયોજન કરવામાં આવ્યું છે. આ ફેસ્ટિવલમાં 'હેપ્પીનેસ કોર્નર' સૌનું ધ્યાનાકર્ષિત કરી રહ્યું છે.

'હેપ્પીનેસ કોર્નર...



આવો ખુશીઓ વહેંચીએ' જેવી કેચ લાઈન સાથે ફેમિલી શોપીંગ ફેસ્ટિવલ ખાતે આયોજિત આ સ્ટોલે વિશેષ આકર્ષણ જમાવ્યુછે જેનું કારણ છે તેમાં આકાર આપવામાં આવેલ એક નવો વિચાર.. આ ફુડસ્ટોલ પર કોઈ પણ ગ્રાહક પોતાની મરજી મુજબનો નાસ્તો કરી શકે છે અને તેનું બિલ પણ મરજી મુજબ ચુકવી શકે છે. મુલાકાતીની ઈચ્છા હોય તો મૂલ્ય ચુકવે તેવા અનોખા અભિગમથી કરાયેલ હેપ્પીનેસ કોર્નર ફુડ સ્ટોલ ફેસ્ટિવલ મુલાકાતીઓમાં કુતુહલ જગાવી રહ્યો છે. સૌરાષ્ટ્ર લેઉઆ પટેલ વાડી ખાતે યોજાયેલ ફેમિલી શોપીંગ ફેસ્ટીવલનું ઉદઘાટન મહિલા અગ્રણીઓ સ્મિતાબેન જહા તથા લાભુબેન વલ્લભભાઈ કાકડીયાના હસ્તે કરવામાં આવ્યું હતું. આ ફેમિલી ફેસ્ટીવલ રવિવારે સાંજના ૮ વાગ્યા સુધી યોજવામાં આવ્યું છે.

# સે-૬ શાકમાર્કેટનો વિકાસ ક્યારે થશે..?

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર શહેરના સેકટર-૬ સ્થિત શાકમાર્કેટના ઓટલા તંત્રએ ૧૯૯૩માં જાહેર હરાજીથી વેચાણ કર્યા છે. અઢી દાયકાનો સમય વિતી જવા છતા સે-૬ ના શાકમાર્કેટનો વિકાસ થયો નથી. સેકટર-૬ શાકમાર્કેટ કાયદેસરનું છે છતા પણ ખંડેર જેવી હાલતમાં પડ્યું છે. ત્યારે લાખો રૂપીયા ખર્ચીને વેપાર અર્થે ખરીદેલા ઓટલા યથાવત સ્થિતિમાં પડ્યા છે તો બીજી તરફ સેકટર-૭માં ગેરકાયદેસર ભરાતા શાકમાર્કેટને પગલે સે-૬ ના વેપારીઓની હાલત કફોડી બની જવા પામી છે. ત્યારે સે-૬ ના કાયદેસર શાકમાર્કેટના વિકાસ પાછળ તંત્રના કોઈ પણ અધિકારીઓએ રસ દાખવ્યો નથી. સેકટર-૭ ના બિન અધિકૃત બજારને પગલે સેકટર-૬ ના શાકબજારની પ્રગતિ અટકી પડી છે. સેકટર-૨૧ શાકમાર્કેટ છે જે હાલમાં તેમાં જાહેર હરાજી માટેની માર્કેટ નથી પરંતુ સેકટર-૬માં તો તંત્ર શાકમાર્કેટની જગ્યાએ અલગ જગ્યા પણ હરાજી માટે ફાળવી આપી છે. સે-૬ શાકમાર્કેટના ઓટલાધારકોએ અનેકવાર શાક બજાર શરુ કરવા માટે તંત્ર સમક્ષ રજુઆત કરી પણ હજુ સુધી તંત્ર સુધી વાત પહોંચી નથી તેમ વેપારીઓને લાગી રહ્યું છે.



શહેરના સેકટર-૮ ખાતે આવેલી આમ્રકુંજ સોસાયટી ખાતે યોજાયેલ ગણેશોત્સવમાં કુલ અલગ અલગ ૨૩૧ વાનગીઓનો અન્નકુટ શ્રીજીને ધરાવી રહીશોએ તેમના સુંદર દર્શનનો લાભ લીધો હતો.

# મનપાના સફાઈ કર્મચારીઓના પ્રશ્નોના ઉકેલ માટે માંગણી

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર મહાનગર પાલિકામાં ફરજ બજાવતા સફાઈ કામદારોના પડતર પ્રશ્નોના ઉકેલ માટે અખિલ ભારતીય વાલ્મીકી મહાસભાએ કમિશનરશ્રી મહાનગર પાલિકા ગાંધીનગર પાસે ચર્ચા વિચારણા ઉકેલ માટે સમય માંગેલ છે.

આ પ્રશ્નોમાં ૯૫ જેટલા સફાઈ કામદારોનો હંગામી ધોરણે સમાવેશ કરેલ છે જેઓને સ્ટાફ કવાટર્સ આપવા બાબત, સફાઈ કામદારોને બઢતી આપી મુકાદમ બનાવવા બાબત, હંગામી કર્મચારીઓને પગારમાંથી સીપીએફ કપાત કરવા બાબત, મહાનગર પાલિકાના વેલફેર લોનમાંથી લોન આપવી, સફાઈ કર્મચારીઓને લોકરની તેમજ આરામ કરવાની સુવિધા આપવી, કર્મચારીઓ વચ્ચે ભેદભાવ બાબત, જુથ વીમા ઉતરાવવો, સામાજિક કારણોસર રજા મંજૂર કરવી વગેરે પ્રશ્નોની ચર્ચા માટે માંગણી કરેલ છે.

# ગણેશજીને ૧૦૧ વાનગીઓનો અન્નકૂટ ધરાવાયો



વાવોલના શાલીન-૪ એપાર્ટમન્ટમાં મીનાબેન ઉમેશભાઈ પટેલ નામના શ્રદ્ધાળુના ઘરે સ્થાપના કરવામાં આવેલ ગણેશ ભગવાનને આજે અન્નકૂટનો ભોગ ધરાવાયો હતો. આ અન્નકૂટમાં સોસાયટીના શ્રધ્ધાળુઓએ સાથે મળીને વિવિધ ૧૦૧ પ્રકારની વાનગીઓ તૈયાર કરી શ્રીજીના ચરણે ભાવપૂર્વક ધરી હતી.

# ગાંધી જયંતિના દિવસે પડતર પ્રશ્નો અંગે સેકટર-૫ના વસાહતીઓ દ્વારા ધરણા અને સુત્રોચ્ચાર

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર શહેરના સેકટર-૫ ના પડતર પ્રશ્નોનો ઉકેલ આજ દિન સુધી આવ્યો નથી. સરકારી તંત્ર સમક્ષ અનેકવાર લેખિત તેમજ મૌખિક રજુઆતો છતા તંત્રના બહેરા કાને વસાહતીઓની રજુઆત સાંભળાતી નથી. ત્યારે વસાહતીઓમાં રોષ ભભુકી ઉઠ્યો છે અને આક્રમક મુડમાં જણાયા છે. ત્યારે આગામી તા.૨ ઓકટોબર ગાંધી જયંતિના દિવસે સેકટર-૫ ના સૌ વસાહતી ભાઈ બહેનો બગીચા ખાતે એકઠા થઈને ધરણા અને સુત્રોચ્ચાર કરશે.

આજે સેકટર-૫ વસાહતી ભાઈ બહેનોની બેઠક બગીચા ખાતે સવારે ૧૦ કલાકે યોજાઈ હતી. જેમાં સેકટર પ્રમુખની હાજરીમાં પડતર પ્રશ્નોના નિરાકરણ અંગે ચર્ચા વિચારણા થઈ હતી. જેમાં સરકારી દવાખાનું શરુ કરવું, બગીચામાં સ્ટ્રીટ લાઈટ શરુ કરવી તેમજ બગીચાનું નવિનીકરણ કરવું, જાહેરમાર્ગ તેમજ આંતરીક માર્ગની લાઈટ શરુ કરવી, રંગમંચ, પોલીસ ચોકી, પ્રાથમિક તેમજ માધ્યમિક શાળા શરુ કરવી, પુરતા ફોર્સથી પાણી આપવું, દબાણ દુર કરવા, સીએનજી પાસે ઝુંપડપટ્ટી દુર કરવી, રહેણાંકમાં હોસ્ટેલો બંધ કરવી, સહિતના પ્રશ્નો ઉગ્ર રોષ સાથે વસાહતીઓએ રજુ કર્યા હતા. ત્યારે સેકટરના પ્રમુખે કેશરીસિંહે જણાવ્યું હતુ કે આ તમામ પ્રશ્નો અંગે તંત્ર સમક્ષ અનેકવાર રજુઆત કરી છે તેમ છતા તંત્ર દ્વારા પ્રશ્નોનું નિરાકરણ લાવવામાં આવતું નથી. ત્યારે વસાહતીઓએ સૌ સંગઠીત થઈને તંત્રના બહેરા કાન સુધી આપણો અવાજ પહોંચાડવા ઉગ્ર આંદોલન માટે હાંકલ કરી હતી. જેમાં ગાંધી જયંતિના દિવસે સે-૫ ના જાહેર બગીચા ખાતે ધરણા, સુત્રોચ્ચાર, રેલી અને પ્રતિક ઉપવાસનો કાર્યક્રમ જાહેર કર્યો છે. ત્યારે સૌ હોદેદારો, કાર્યકરોએ ધરણા અભિયાનમાં જોડાવા માટે તૈયારીઓ દર્શાવી હતી. આ પ્રસંગે વસાહત મંડળના પ્રમુખ કેશરીસિંહ બિહોલા, ઘનશ્યામસિંહ ગોલ, નરેશ પરમાર, મુળસિંહ ચાવડા, ઈશ્વરભાઈ પટેલ, આર.જી.દવે, નટુભાઈ પટેલ સહિતના સભ્યો હાજર રહ્યા હતા. આ પ્રસંગે વોર્ડના કોર્પોરેટર ઉર્મિલાબેન વર્મા ખાસ હાજર રહ્યા હતા.



ગાંધીનગરમાં ગણેશ ઉત્સવ તેના સમાપન તરફ ધસી રહ્યો છે અને આખરી ગણેસ વિસર્જનની રાહ જોવાઈ રહી છે આ વર્ષે ગાંધીનગરમાં અનેક શ્રધ્ધાળુઓએ પર્યાવરણની જાળવણીને અનુલક્ષીને ગણેશજીની ઈકો ફ્રેન્ડલી મૂર્તિનું સ્થાપન કર્યું હતું. ન્યુ ગાંધીનગરના સરગાસણ ચાર રસ્તા નજીકના પ્રમુખનગર ફલેટમાં પણ ગણેશજીની માટીમાંથી બનાવેલી ઈકો ફ્રેન્ડલી મૂર્તિ સ્થાપવામાં આવી છે એટલું જ નહી તેનું વિસર્જન પણ સોસાયટીના બગીચામાં જ કરવાનું સોસાયટીના રહીશોએ નક્કી કરીને એક અનુકરણીય ઉદાહરણ પુરું પાડયું છે.

## ચિરવિદાય

- સ્વ. હિરાબા કરણસિંહ રમલાવત, ઉ.વ. ૬૦
- સ્વ. ઉદાજી પુનાજી ડાભી, ઉ.વ. ૭૦
- સ્વ. અખિલેશ ઓમપ્રકાશ જલોટે, ઉ.વ. ૬૦